





ઢંકાઇ ગયો પ્રેમ, દંભનાં પૂઠાં થઇ ગયાં છે
રહી નથી તીવ્રતાની ધાર, બુઠ્ઠાં થઇ ગયાં છે
ઠૂંઠાં થઇ ગયાં છે જીવન શુષ્ક યાંત્રિકતાથી -
આજ યુવાનોનાં આંખ-હૃદય જૂઠાં થઇ ગયાં છે




પ્રેમ જાણે છે
ભાષા, આંખ-હૃદયની -
વાંચે છે કોણ?
(ગુલાબ ની શી જરૂર?)

જરૂર નથી -
પ્રેમ અભિવ્યક્તિને
ભેટ-સોગાદ!!
(બાહ્ય આધાર શી જરૂર)

## ચિંતન

**કલા સીમા કાવ્યં સકલ ગુણ સીમા વિતરણં ભયે સીમા મૃત્યુઃ સકલ સુખ સીમા સુવદના ।**
**તપઃ સીમા મુક્તિઃ સકલ કૃતિ સીમાશ્રિત ભૃતિઃ પ્રિય સીમા અલ્હાદો શ્રવણ સુખ સીમા હરિકથા ।**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ-સામાન્ય નીતિનો આ શ્લોક છે :

સકલ કલાઓની સીમા પરાકાષ્ઠા એ ઉત્તમ પ્રકારનું કાવ્ય છે. બધી કલાઓમાં સાહિત્યએ કલા છે અને જેમાં ઉત્તમ પ્રકારની હૃદયની અભિવ્યક્તિ થઇ હોય એવું કાવ્ય એની ઉત્તમતાની પરાકાષ્ઠા છે - કાલિદાસનું મેઘદૂત અને વાલ્મિકીનું રામચરિત એનાં ઉત્તમ ઉદાહરણ છે.

બધા ગુણોમાં 'દાન' એ સદ્‌ગુણોની સીમા છે દાન આપવાની ઉદારવૃત્તિ-સ્વભાવ સદ્‌ગુણોની પણ પરાકાષ્ઠા છે.

માણસ ભય પામે તેની પરાકાષ્ઠા મૃત્યુ સિવાય બીજું કંઇ ન હોઇ શકે સાપને ડંખ નહીં લગભગ તો એનો ભય જ મૃત્યુનું કારણ બને છે.

બધાં સુખોનો સાર, સીમા, સરળ સ્વભાવની સુંદર ચહેરાવાળી સ્ત્રી જ છે. તપની સીમા મુક્તિ છે. બધાં જ સત્કાર્યોની પરાકાષ્ઠા-પોતાના આશ્રિતનું પ્રેમભાવથી પોષણ કરવામાં છે. પ્રિય વસ્તુની પ્રાપ્તિનો અલ્હાદક અનુભવ એ સીમા છે અને કાલ-શ્રવણેન્દ્રીયની સાર્થક સીમા હરિકથા - સ્વાધ્યાયમાં-સત્સંગ શ્રવણમાં છે.

## સુવિચાર

- આત્મસન્માન માટે આત્મનિર્ભર બનવું જરૂરી છે - **જાપાની કહેવત**
- બે પ્રકારના નાસ્તિક હોય છે (૧) ઇશ્વરમાં 'ન' માનવાવાળા, ઇશ્વરનો વિરોધ કરવાવાળા - **એસ. ભટ્ટાચાર્ય**
- તારીખ હજાર સાલ મેં ઇતની સી બદલી હૈ, તબ દૌર પથ્થર કા થા, અબ લોગ પથ્થર કે હૈ - **હસરત જયપુરી**
- જગત આખાની નજર મારી પર હોય ત્યારે મારી નજર મારા અંતઃકરણ પરથી હટે નહીં એવી જાગૃતિ રાખું - **ખલીલ જિબ્રાન**
- પ્રલોભન એ મોટી નબળાઇ છે, એટલે પ્રલોભનની હાજરી હોય ત્યાં મેં ગેરહાજર રહેવાનું શરૂ કર્યું છે - **સંત રોબિન**
- બગડેલા ભૂતકાળ પાછળ રોવાને બદલે ભવિષ્યને ઉજ્જવળ બનાવી લેવાની સજાગતામાં રહેવું - **ઝેન કથન**
- બધા ઝઘડા લખેલા શબ્દોએ નહીં પણ બોલેલા શબ્દોએ નિપજાવ્યા છે - **રજનીશ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

તંત્ર અને કાયદા ગમે તેટલા કડક હોય પણ તેના પાયામાં પડેલ - અમલ કરનાર અને કરાવનાર વ્યક્તિની મૂલ્યનિષ્ઠા નબળી હોય તો કોઇ કાયદો કે તંત્ર સફળ થતું નથી. દાણચોરી બેન્કલૂંટ, કુરિયરોની લૂંટ વગેરેમાં, લગભગ તો 'અંદર'ના માણસોનાં મૂલ્યો જ મરી પરવાર્યા હોય છે. પછી સીસીટીવી હોય તો ય શું? ને ન હોય તો ય શું?

એક રાજાના નગરમાં દુશ્મન દેશના જાસૂસો આવી શસ્ત્રભંડાર અને નાણાંની હેરફેરની માહિતી લઇ જતા અને જયારે આવી હેરફેર થાય ત્યારે લૂંટી લેતા. રાજા અને પ્રધાને કારણ શોધી કડક કિલ્લે બંધી કરી.

પણ રાજાના અંગત સલાહકાર મંત્રી કહે, રાજાજી દોષ કિલ્લેબંધીની મજબૂતાઇનો નથી પણ નબળા રખેવાડના નબળા મનનો છે..

રાજા અને પ્રધાન આ વાતની ચકાસણી કરવા સાંજે નગર બહાર નીકળી ગયા અને મોડી રાત્રે વેશપલ્ટો કરી નગર દ્વારે આવ્યા- બારી પાસે આવી સંત્રીને બોલાવ્યો, કહ્યું અમારે નગરમાં પ્રવેશવું છે!

સંત્રી કહે સાંજ પછી દ્વાર બંધ થઇ જાય છે સવાર સુધી કોઇને - અજાણ્યાને પ્રવેશ અપાતો નથી. થોડી રકઝક થઇ - પ્રધાને સિક્કાની કોથળી બહાર કાઢી અને ખનખનાટ કર્યો. સંત્રીના મનમાં સળવળાટ થયો અને લાલચ થનગનાટ કરવા લાગી. કોથળી લઇ લીધી અને રાજા-પ્રધાનને પ્રવેશ આપી દીધો..

(મજબૂત મનના નિષ્ઠાવાન કર્મચારીઓ હોય તો જ કાયદા સફળ થાય.)

Email - sureshchandrabhatt18@gmail.com

# આજના વેલેન્ટાઈન દિને સર્વે વાંચકોને શુભેચ્છાઓ

**શુભ કામના સેતુ**

પ્રેમની ઉત્કૃષ્ઠ ભાવના બદલ શહિદી વહોરનાર સંત વેલેન્ટાઇનની અમર શહીદીના આજના દિને, સૌના દિલમાં નિશ્વાર્થ, નિર્મળ અને નિર્ભેળ પ્રેમની સરવાણી ફૂટીને, તે અનંત અને વિશાળરૂપ ધરીને પ્રેમથી ઉછળતો - ઊભરાતો - છલકાતો - ઘૂઘવતો દધિ-સાગર બની હિલોળા લે; તેવી સર્વેને શુભકામનાઓ અને શુભેચ્છાઓ.

સાહિત્ય અવસર સેતુ

માતૃભાષા ગુજરાતીના સાહિત્યને હરપળ હરઘડી ધડકતું - ધબકતું રાખી જીવંત રાખવા યત્‌કિંચિત યોગદાન માટે છેલ્લા ૧૭ વર્ષોથી કાર્યરત એવી, ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક તા. ૮-૨-૨૦૧૫ ને રવિવારને રોજ, ઓસરતી ઠંડીના સાંજના રમ્ય વાતાવરણમાં, નમન એપાર્ટમેન્ટ, સે-૨૧, ગાંધીનગર ખાતે સિનિયર સિટિઝન કાઉન્સિલના સદ્‌ભાવથી, સંપન્ન થઇ.

સભાની શરૂઆતમાં મા સરસ્વતીની સ્તુતિ, મંત્રી મૂળજીભાઇ પરમાર 'દધિ' દ્વારા, ઉપસ્થિત સર્વેના ધબકતા સૂરસંધાનથી રજૂ કરવામાં આવી. ત્યારબાદ સંસ્થાના કારોબારી સભ્ય મૂળજીભાઇ મકવાણા 'મૂલાંકી' નાં માતૃશ્રીના દુઃખદ અવસાન બદલ શોકાંજલિ અર્પી, સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.

અધ્યક્ષ સ્થાનેથી ભરતભાઇ કવિએ સૌને હેતાળવા ઉમંગથી આવકારી, ઋતુરાજ વસંતનાં વધામણાં કરી, સર્વેના જીવનમાં કાયમ વસંત મહોરી ઊઠે તેવી શુભકામનાઓ પાઠવી. ત્યારબાદ, તા. ૨૬-૨-૨૦૧૫ને ગુરુવારના રોજ યોજવામાં આવનાર, સાહિત્ય સભાના વાર્ષિકોત્સવ અંગેની માહિતી ટ્રેઝરર શ્રી તરફથી સર્વેને આપવામાં આવી તથા આ અંગે જયાં જરૂર પડે ત્યાં, સાથ-સહકાર આપવાની વિનંતી કરવામાં આવી.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દસેતુ

**સંપાદકો નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'**

ફેબ્રુઆરી માસમાં જેઓના જન્મદિન આવે છે, તેઓના નામોની યાદી, મંત્રી મૂળજીભાઇ પરમાર દ્વારા રજૂ કરીને, તેઓને અંતરના ઊર્મિ ભર્યા અભિનંદન પાઠવી; તેઓનું જીવન સુખમય, શાંતિમય, સમૃદ્ધિસભર અને આરોગ્યપ્રદ નિવડે તે માટે અંતઃકરણની શુભવાંચ્છનાઓ પાઠવી, જેઓના જન્મદિન હોય તેવો ચોક્કસ માસિક બેઠકમાં હાજર રહે તેવ અનુરોધ કર્યો.

ત્યારબાદ, સાહિત્યસભાના વરિષ્ઠ સભ્ય અને ગુજરાતી સાહિત્ય પ્રત્યે અભિરૂચી ધરાવનાર ભાલચંદ્ર કાજરેકરે મરાઠી પુસ્તક "આપ્પાચ્યાં ગપ્પા" ના ગુજરાતીમાં કરેલ અનુવાદિત પુસ્તક "આપ્પા સાહેબની વાતો" નું પ્રમુખ ભરતકવિ, ઉપપ્રમુખ નટવર હેડાઉ અને સુરેશ ભટ્ટ, મંત્રી મૂળજીભાઇ પરમાર 'દધિ' તથા સંજય થોરાત દ્વારા વિમોચન કરવામાં આવ્યું. શ્રી ભાલચંદ્ર કાજરેકરે આ પુસ્તકના વિમોચન બદલ આભાર માની, પુસ્તકમાં સમાવિષ્ઠ "ઘી ઢાયું ખીચડીમાં" પ્રસંગ રજૂ કર્યો. સંજય થોરાત કે જેઓએ પુસ્તકની પ્રસ્તાવના લખી છે તેમણે પુસ્તકમાં સમાવિષ્ઠ વિવિધ ગ્રામ્યજીવનના પ્રસંગો - ગાથાની સુપેરે-રસાળ છણાવટ કરી.

ત્યારબાદ સાહિત્યાકરો - કવિઓ તરફથી તેઓની સ્વરચિત અને અપ્રગટ રચનાઓનું પઠન કરવામાં આવ્યું જેમાં :

(૧) હસમુખ મેકવાન - નાટક (પાણીનો પોકાર)
(૨) રણછોડ વી. પરમાર - પરભુ સાંભળીયા
(૩) સુરેશ ભટ્ટ
(૪) રમણલાલ શ્રીમાળી - 'પ્રભુ પ્રિત'
(૫) રમણ વાઘેલા - કયાંથી પહોંચે
(૬) ઇશ્વરલાલ દે. જોષી - નારી વ્યથા
(૭) મૂળજીભાઇ પરમાર 'દધિ' - મારી કલમે રેલાય તું
(૮) રઘુસિંહ ગોલ 'નીર' - હાઇકૂ
(૯) મહેન્દ્ર રાઠોડ - સમયની વેદના
(૧૦) ભીખુ કવિ - ગઝલ
(૧૧) સુ. શ્રી સ્વાતિ શુક્લ 'મૈત્રેયી' - સહજતા અને આરો પ્લાન્ટનું ગીત

વિગેરે રજૂ કરવામાં આવ્યાં, જેને ઉપસ્થિત સર્વેએ નાણ્યાં, માણ્યાં અને વખાણ્યાં.

પીઠ સાહિત્યકારો, પ્રવિણ ગઢવી (આઇએએસ) અને વિદેશથી સ્વદેસ થોડા સમય માટે પધારેલ જય ગજ્જર હાજર રહી, સભાને ગૌરવવંતી બનાવી.

તો આવો, સભામાં રજૂ થયેલ કૃતિઓ પૈકી થોડીક રચનાઓ નાણીએ અને માણીએ.

કાવ્ય સેતુ

પાન પીળાં જોયાં ને પ્રભુ સાંભળીયા,
કાંક અંદરથી આવ્યો અવાજ, પરભુ સાંભળીયા
સાંજ પડે છે સાંજને પડવા દો,
પછી તારલાને રાતભર રડવા દો.
નિંદર ઠેલાશે આખી રાત, પરભુ સાંભળીયા
કોક મંદિરના ઓટલે બેસીને,
આંખ નિહાળે મેદની ખેંચીને;
તમે અમને દિયો ના સાદ, પરભુ સાંભળીયા
રાત પડે ને રામનું અકળાવું,
ઘોર અંધારે આંખનું અથડાવું,
જીવ શેની જુવે છે વાટ, પરભુ સાંભળીયા

**- રણછોડ વી. પરમાર**

એકેક દિવસનો જીવન પર ભાર લાગે છે
ઘાટ સુધીની દોડ નિરર્થકતાનો સાર લાગે છે
વાર લાગે છે આ સત્ય સમજતાં જિંદગીભરની -
કે નિરપેક્ષ-નિર્લેપતા માં જ બેડો પાર લાગે છે

● ● ●

હોડ અપેક્ષાઓની, હતાશાના સોડ તપાસું છું!
કરી કેટલી બાંધછોડ, તે નો તોડ તપાસું છું,
તોડ થયાં કરે મૂલ્યોથી દિનભરની દોડમાં -
કમોડ પર બેસી જિંદગીના મોડ તપાસું છું.

**- સુરેશ પ્રા. ભટ્ટ**

**કયાંથી પહોંચે?**

અહીં આપણો અવાજ કયાંથી પહોંચે?
અમથાંના શોર વચ્ચે, ગમતાંનાં તોર વચ્ચે,
ઢમઢમતા ઢોલ વચ્ચે, જલથલનાં જોર વચ્ચે.
ભલા, સાચનો અવાજ કયાંથી પહોંચે?
અહીં આપણો અવાજ કયાંથી પહોંચે?
લાલ-પીળા ઝભ્ભા ને લાલ-પીળી ધજાયું,
આવ્યું જે હાથમાં એ લઇને સહું લોક ચાલ્યું,
ઢસડાતું જાય કોઇક, મળે બધે નવરાઇયું.
ભલા ચંદ્રનો અવાજ કયાંથી પહોંચે?
અહીં આપણો અવાજ કયાંથી પહોંચે?
સાચા ને ખોટુંને ખોટાને સાચું, નિત નવાં ધોરણ બદલાય,
વ્હેલી પરોઢે કદી ગીતાના શ્લોક, સાંજે કુરાનની આયાત પલટાય
શ્રોતા કે વક્તાનો પાતાળોયે ભદે, તને કયાંથી આ ઘડીએ સમજાય?
ભલા લાજનો અવાજ કયાંથી પહોંચે?
ભલા સાચનો અવાજ કયાંથી પહોંચે?
ભલા આપણો અવાજ કયાંથી પહોંચે?

**- રમણ વાઘેલા**

# હવે પાંચ વરસ શાંતિ રાખો અને પ્રજાની તન-મન-ધનથી સાચા દિલથી સેવા કરો અને કોઈના પર ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા પહેલા આપણી જાતને તપાસો

## વ્યંગ લેખ

**- મહેન્દ્રભાઇ એસ. રાઠોડ**

સવારનો પહોર હતો. ઠંડીનો પારો માઇનસ ઉપર હતો. બરફની ચાદર પથરાઇ ગઇ હતી. આવા વાતાવરણમાં એક ગુજરાતીભાઇ દિલ્પી પી.એમ. સાહેબને મોબાઇલ કરે છે.

● ● ●

"હલ્લો.... હલ્લો... કોણ બોલો છો?"

"મારો અવાજ ન ઓળખી શક્યા?"

"ના ભાઇ ના... પી.એમ. બન્યા પછી તો હવે જવાબદારી બહું જ વધી ગઇ છે... હવે તો ઘર પર યાદ આવતું નથી?"

"હે! સાહેબ, પહેલા નહોતી ખબર કે પી.એમ. બન્યા પછી તો દશે દિશાના વેણ-કટૂવેણ સાંભળવા પડશે..."

"અલ્યા ડાપણ કર્યા વગર બોલને... કોણ છે...???"

"સાહેબ... સાહેબ.... હ.હ.હ... હું તમારો ભગત."

"હે...! ભગત... બોલો-બોલો ભગત. બહુ દિવસે યાદ કર્યા."

"સાહેબ આઠ દિવસથી રીંગ કરું છું. રીંગ વાગે છે... સંભળાય છે પણ તમે મોબાઇલ ઉપાડતાં જ નહોતા. ગુજરાતમાં હતા ત્યારે સારું હતું કે હું તમને દરરોજ મળતો હતો. પણ હવે તો તમે મોબાઇલ પણ ઉપાડતા નથી. આખોમાં ઝળઝળીયા આવી જાય છે."

"ના ભગત ના એવું નથી. પણ દિલ્હીમાં એવી ધબડાટી વાગે છે કે એક મફલર વાળાએ હેવી રોલર ફેરવવા માંડ્યુ હતું કે આ બઘડાઝોટીમાં તમારી રીંગ કયાં સંભળાય?"

"સાહેબ! એ હેવી રોલર તો સાત તારીખે બંધ થઇ ગયા હતા, છતા તમે મોબાલિ ઉપાડતા નહોતા."

"ભગત! તમે રાજકારણમાં આવો તો ખબર પડે. ચૂંટણી તો સાત તારીખે ગઇ. પણ એકઝીટ પોલ વાળાએ અમારી ઊંઘ હરામ કરી નાખી હતી."

"પણ કોંગ્રેસવાળા તો લહેરથી ફરતા હતા, તે ટેન્શનમાં નહોતા."

"ભાઇ ભગત! સમજી લો જેવી જેની જીજીવિષા એવું તેનું ગણિત."

"આગળ બોલો... આગળ બોલો સાહેબ...."

"શું આગળ બોલે આગળ બોલ્યા જેવું શું રહ્યું છે... પણ તમારી ઇચ્છા છે તો કહું... આ મફલરવાળાએ અમને બંનેને ગળામાં મફલરથી એવા બાંધ્યા કે શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે. અને પાછું રોપવેના તાર પર બીજો છેડો બાંધ્યો. નીચેય ન જવાય અને ઉપર પણ ન જવાય... આવા સંજોગોમાં તમારા મોબાઇલની રીંગટોન કયાંથી સંભળાય? તારીખ દસાથી જ આવી દશા થઇ છે અને ઉપરથી એ.કે.૪૭ ને બદલે એ.કે. ૬૭ની રાઇફલથી પ્રહારો કર્યા. અમે તો લોહીલૂહાણ થઇ ગયા છીએ. અમે તો ભાવિ મુખ્યમંત્રી પદના ઉમેદવાર સ્વચ્છ શોધ્યા, પણ તેઓએ હારી ગયા. આનેથી વધુ દુઃખ શું હોય?"

"પણ સાહેબ! કોંગ્રેસવાળાને તો સહેજે ય દુઃખ ન થયું હોય તેવું લાગે છે."

"તેમને પહેલેથી જ ખબર હતી કે અમે હારવાના છીએ. તેથી તો તે બોલતા હતા કે 'મશાભાઇ ને વા પાણી." પણ અમે તો કેટલાય રાજયોમાં બહુમતી છે. કેન્દ્ર સરકાર અમારી છે. તો તેથી તો દુખ થાય જ ને.

"ના સાહેબ... ના... અજય માકન તો એમ કહેતા હતા કે અમારી જ સરકાર બનશે."

"ભાઇ ભગત! તમે રાજકારણીયાને સમજી શકતા નથી. બધા જ રાજકારણીયા આવું જ બોલે. મારું માનો તો રાજકારણીયા ઉપર સહેજેય વિશ્વાસ ન રાખવો. જોયું ને... એકેયસીર મળી? બધા જ ફાંકા જ ઠોકવા હોય છે."

"હસે સાહેબ... હસે... હવે તમારા ગળામાં વિટળાયેલ મફલર છોડ્યા?"

"હા ભગત હા... અમારા ત્રણ નરબંકાઓને અમારા મફલર ખોલી આપ્યા. અને અમે દિલ્હીમાં નાક લઇને ફરીએ છીએ."

"તો પછી પેલા કોંગ્રેસવાળાનું શું?"

"કોંગ્રેસવાળાએ તો આ માયનસ ઠંડીમાં મફલર ગળા ફરતું વિટાળીને ઊંચા કોલર કરીને ફરવા લાગ્યા છે."

"હે સાહેબ! સાચું કહો તમે કેજરીવાલને ખુબ જ ભાંડતા હતા ને?"

"ના... ના... એ લોકો પણ અમને ભાંડતા હતા."

"મને યાદ છે કે તમે એક વખત ચૂંટણીમાં એવું કહેલ કે, જે લોકો ડ્રાઇવિંગ કરતા હોય તેને બીજી જવાબદારી ન અપાય. જે રોડ ઉપર ઉપવાસ અને આંદોલન કરતા હોય તેમને ત્યાજ રહેવા દો. રાજકારણ ચલાવવાનું તો અમારું જ કામ આવું તમે કહ્યું હતું?"

"હા ભગત હા! આવું કહ્યું હતું, પણ એ તો મત માટે કહ્યું હતું. અમારા હૃદયમાં વેર-ઝેર ના હોય."

"સાહેબ, મને ત્યારે એવું લાગતું હતું કે કોઇ ઉમેદવાર બોલશ કે, 'ચાની કીટલીવાળાને ચાની રેસ્ટોરન્ટ બનાવાય... પણ સદનસીબે કોઇ ના બોલ્યું.'"

"ભાઇ ભગત! અમે છોડેલ ગોળી અમને જ વાગી."

"વાગે જ ને! મફલરવાળા કેટલા બધા સ્વચ્છ હતા અને તમે એને ના કહેવાનાં શબ્દો કહ્યાં. તમને એમ લાગે છે કે મતદારો ગાંડા છે... ના... એવું નથી હવે તો જે પાર્ટી સારું કામ અને સારો વહીવટ કરશે તેને જ મત આપશે."

"પણ ભગત... શું બોલ બોલ કરે છે...? અમારે પણ શુદ્ધ અને સારો વહીવટ કરવો છે. પણ હવે શું કરવું?"

"હવે પાંચ વરસ શાંતિ રાખો અને પ્રજાની તન-મન-ધનથી સાચા દિલથી સેવા કરો અને કોઇના પર ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા પહેલા આપણી જાતને તપાસો. ત્યારબાદ મતદારો સર્ટી આપશે."

"ભગતદાદા! મને હવે એવું લાગે છે કે ચૂંટણીની તારીખ જાહેર થઇ અને તે જ દિવસથી મૌન રહ્યા હોત અને પ્રચાર ન કર્યો હોત તો દિલ્હીમાં કમસેકમ પાતળી બહુમતી તો મળી જ હોત."

"સાહેબ! તમારી વાત સો ટચના સોના જેવી છે પણ પછડાટ ખાધા પછીનું ડહાપણ શું કામનું?"

(આ વ્યંગ્ય લેખ છે કોઇ પક્ષ સાથે પૂર્વગ્રહ નથી.)

# બ્રહ્માની રાત્રિ દરમિયાન સૃષ્ટિનો પ્રલય થાય છે, દિવસ શરૂ થતાં સૃષ્ટિ રચનાનો આરંભ થાય છે

## માહિતીપુંજ

**- છબાભાઇ પટેલ**

(ગતાંકથી આગળ...)

૨૭. કાલ ગણના :- મનુષ્યોનો સમય
આંખના એક પલકારા જેટલો સમય = એક નિમેષ
૧૫ નિમેષ = એક કાષ્ઠા
ત્રીસ કાષ્ઠા = એક કલા.
૦.૧ કલા = મુહૂર્ત
૩૦ મુહૂર્ત = એક રાત્રિ અને દિવસ
૩૦ રાત્રી અને દિવસ = એક માસ
૬ માસ = એક અયન
૧૨ માસ = એક વર્ષ (બે અયન - ઉત્તરાયન અને દક્ષિણાયન)

૨૮. યુગો અને દેવોનો સમય -
મનુષ્યોનો ૧ માસ = પિતૃઓનો એક રાત્રિદિવસ (શુક્લપક્ષ - દિવસ અને કૃષ્ણપક્ષ રાત્રિ
મનુષ્યોનું એક વર્ષ = દેવતાઓનો એક રાત્રિદિવસ (ઉત્તરાયન દિવસ અને દક્ષિણાયન રાત્રિ)
દેવતાઓનાં ૪૦૦૦ વર્ષ = સત્યયુગ (સત્યગુગનો સંધિકાળ આગળ પાછળ ૪૦૦ વર્ષ એટલે કે ૮૦૦૦ વર્ષ. આથી કુલ વર્ષો (૪૮૦૦)
દેવતાઓનાં ૩૦૦૦ વર્ષો = ત્રેતા યુગ (સંધિકાળ ૩૦૦ + ૩૦૦ એટલે કુલ વર્ષો ૩૬૦૦)
દેવતાઓનાં ૨૦૦૦ વર્ષો = દ્વાપર યુગ (સંધિકાળ ૨૦૦ + ૨૦૦ વર્ષ એટલે કુલ વર્ષો ૨૪૦૦)
દેવતાઓનાં ૧૦૦૦ વર્ષો = કલિયુગ (સંધિકાળ ૧૦૦ + ૧૦૦ વર્ષ એટલે કુલ વર્ષો ૧૨૦૦). આ રીતે - ૪૮૦૦ + ૩૬૦૦ + ૨૪૦૦ + ૧૨૦૦ = ૧૨૦૦૦ દેવતાઇ વર્ષો એટલે એક મહાયુગ
૧૨૦,૦૦,૦૦૦ દેવતાઇ વર્ષો એટલે બ્રહ્માનો એક દિવસ + ૧,૨૦,૦૦,૦૦૦ દેવતાઇ વર્ષો એટલે બ્રહ્માની એક રાત્રિ. બ્રહ્માની રાત્રિ દરમિયાન સૃષ્ટિનો પ્રલય થાય છે. દિવસ શરૂ થતાં સૃષ્ટિ રચનાનો આરંભ થાય છે.

૨૯. યુગો પ્રમાણે મનુષ્યોનું આયુષ્ય -
સત્યયુગ (કૃતયુગ) માં ૪૦૦૦ વર્ષ.
ત્રેતાયુગમાં ૩૦૦૦ વર્ષ, દ્વાપર યુગમાં ૨૦૦૦ વર્ષ
કલિયુગમાં નિશ્ચિત નથી, મનુષ્યો ગર્ભમાં અને જન્મતાંની સાથે પણ મરણ પામે છે.
મહાભારતમાં અન્ય જગ્યાએ યુગો પ્રમાણે મનુષ્યોના આયુષ્યોનું પ્રમાણ ૪૦૦, ૩૦૦, ૨૦૦ અને ૧૦૦ વર્ષ દર્શાવેલ છે. (જે યોગ્ય હોય તેમ જણાય છે)

૩૦. લગ્નના પ્રકારો
મહાભારતમાં લગ્નનાં પાંચ પ્રકારો કહ્યા છે જેવા કે
૧. બ્રાહ્મ ૨. ક્ષાત્ર અથવા પ્રજાપત્ય ૩. ગાંધર્વ ૪. અસુર ૫. રાક્ષસી
મનુસ્મૃતિમાં લગ્નના આઠ પ્રકારો કહ્યા છે જેવા કે -
૧. બ્રાહ્મ ૨. દૈવ ૩. આર્ષ ૪. પ્રજાપત્ય ૫. અસુર ૬. ગાંધર્વ ૭. રાક્ષસ અને ૮. પૈશાચ.

૩૧ વર્ષસંકર પ્રજાતિ ઉત્પત્તિ :

| પિતા | માતા | પ્રજાતિ જાતિ |
|---|---|---|
| ક્ષત્રિય | બ્રાહ્મણ | સૂત (સારથિ) |
| શુદ્ર | બ્રાહ્મણ | ચાંડાલ |
| વૈશ્ય | ક્ષત્રિય | ભાટ ચારણ |
| શુદ્ર | ક્ષત્રિય | નિષાદ (માછીમાર) અથવા ક્ષત્તા |
| શુદ્ર | વૈશ્ય | આયોગવ જાતિ |
| વૈશ્ય | બ્રાહ્મણ | વૈદેહક કાર્ય કરનાર |
| | | અંતઃપુરની રક્ષા કરનાર |
| બ્રાહ્મમ | ક્ષત્રિય | બ્રાહ્મણ |

આ સિવાય પણ મહાભારતમાં અનેક વર્ણસંકર પ્રજાની જાતિઓ બતાવેલી છે.

આ માહિતી મહાભારતના આધારે એકત્ર કરેલ છે. એવું જોવામાં આવ્યું છે કે જુદા જુદા ગ્રંથોમાં આપેલ અમુક માહિતીમાં વિરોધાભાસ પણ હોય છે, જે ગૂંચવાડા ઊભા કરે છે.